
# ૨ ટેહૂંક ટેહૂંક... હૂપ હૂપ

ગ
ણ
ગ
ણ

ગીત :

## મારો છે મોર

મારો છે મોર, મારો છે મોર,
મોતી ચરંતો મારો છે મોર.
મારી છે ઢેલ, મારી છે ઢેલ,
મોતી ચરંતી મારી છે ઢેલ.
મારો છે મોર, મારો છે મોર,
માળામાં બેસનાર મારો છે મોર.





મારી છે ઢેલ, મારી છે ઢેલ,
ડાળી પર બેસનાર મારી છે ઢેલ.
મારો છે મોર, મારો છે મોર,
રાજાનો માનીતો મારો છે મોર.
મારી છે ઢેલ, મારી છે ઢેલ,
રાણીની માનીતી મારી છે ઢેલ.
બોલે છે મોર, બોલે છે મોર,
સોનાને ટોડલે, બોલે છે મોર.
બોલે છે ઢેલ, બોલે છે ઢેલ,
રૂપાને બારણે, બોલે છે ઢેલ.

વાર્તા :

# રીંછ અને દડો

વહેલી સવારનો સમય હતો. ચારે બાજુ ધુમ્મસ જ ધુમ્મસ. સિંહનું એક બચ્ચું જાંબુના ઝાડની નીચે સૂતું હતું.

એ સમયે રીંછભાઈ ફરવા નીકળ્યા. અચાનક તેમની નજર જાંબુના ઝાડ નીચે પડી.

આંખો ફેલાવી, બુદ્ધિ દોડાવી, ''આહા! ફૂટબૉલ. ચાલો ફૂટબૉલથી રમીએ''. આમતેમ જોયા વિના રીંછે સિંહના બચ્ચાને ફૂટબૉલ સમજીને લાત મારીને ફંગોળ્યું.

હવામાં ઉછાળેલા સિંહના બચ્ચાએ ગર્જના કરી ઝાડની એક ડાળી પકડી લીધી.



ગ
પ
સ
પ

પરંતુ ડાળી તૂટી ગઈ. રીંછ વાત સમજી ગયું. તેને પસ્તાવો થયો. પણ તરત જ દોડીને સ્ફૂર્તિથી બંને હાથ આગળ ધરીને સિંહના બચ્ચાને ઝીલી લીધું.

અરે આ શું! સિંહનું બચ્ચું ફરીથી ઉછાળવા માટે કહી રહ્યું હતું.

એકવાર ફરીથી રીંછે સિંહના બચ્ચાને ઉછાળ્યું.

બીજીવાર...

ત્રીજીવાર...

વારંવાર આવું થવા લાગ્યું.

સિંહના બચ્ચાને ઉછળવામાં મજા આવી રહી હતી. પરંતુ રીંછ થાકી ગયું હતું. અરે! કેવી મુશ્કેલીમાં આવી ગયા.

બારમી વખત ઉછાળીને રીંછે ઘર બાજુ દોટ લગાવી અને અદૃશ્ય થઈ ગયું.

આ વખતે સિંહનું બચ્ચું નીચે પડ્યું. ધડામ...

**વાતચીત**

- આ બચ્ચાનું નામ શું પાડી શકાય?
- બચ્ચાના પપ્પાનું નામ શું પાડશો?
- તમે પાડેલું નામ સિંહ કેવી રીતે બોલશે?
- તમે સિંહના અવાજમાં તમારું નામ કેવી રીતે બોલશો?
- તમે પાડેલું સિંહનું નામ કાગડો કઈ રીતે બોલશે?
- રીંછ શા માટે ભાગી ગયું હશે?
- સવારે કેવું વાતાવરણ હોય છે?

## જોડકણાં :

ચોરી કરવા ચાલ્યા ચોર,
સોનીપોળમાં થાતો શોર.
સિપાહી મળ્યા સામા,
મમ્મીના ભાઈ તે મામા.





મામા લાવે છુકછુકગાડી,
બાને માટે લાવે સાડી.
સાડીના રંગ પાકા,
પપ્પાના ભાઈ તે કાકા.

કાકા કાકા કારેલાં,
કાકીએ વઘારેલાં.
કાકી પડ્યાં રોઈ,
પપ્પાની બહેન તે ફોઈ.





ફોઈ ફૂલડાં લાવે છે,
ફુઆને વધાવે છે.
ફુઆ ગયા કાશી,
મમ્મીની બહેન તે માસી.


છ
મ
છ
મ

## અભિનય ગીત :



મારી બકરી બોલે બેં... બેં... બેં,
એ તો સાંજ-સવારે દૂધ જ દે.
મારી બકરી બોલે બેં... બેં... બેં,
પેલો ઉંદર બોલે, ચૂં... ચૂં... ચૂં.
કહે રાત તણો હું રાજા છું.
મારી બકરી બોલે બેં... બેં... બેં.
પેલી બિલ્લી બોલે, મ્યાઉં મ્યાઉં મ્યાઉં.
કહે રાત તણી હું રાણી છું.
મારી બકરી બોલે બેં... બેં... બેં.
પેલો વાંદરો બોલે હૂપ હૂપ હૂપ,
એને સીંગ-ચણા તો ભાવે ખૂબ.
મારી બકરી બોલે બેં... બેં... બેં.
પેલો કૂતરો બોલે હાઉ હાઉ હાઉ.
રોટલો આપો તો ખાઉં ખાઉં ખાઉં.
મારી બકરી બોલે બેં... બેં... બેં.


– પૂનમચંદ શાહ




દ
ડ
બ
ડ

## પ્રવૃત્તિ :














- પ્રાણીઓ અને પક્ષીઓના અવાજની નકલ કરાવવી.

વિદ્યાર્થીઓ ગુજરાતી ભાષાના ઉચ્ચાર કરી શકે તે માટે...

- ચકલી ઊડે - ચરરર...
- હોલો ઊડે - હરરર...
- મોર ઊડે - મરરર...

પક્ષીના નામનો પહેલો મૂળાક્ષર અને પાછળ રરર... બોલવાની સમજ આપવી.

બ ડ બ ડ

**રમત :**




દ ડ બ ડ

- ઊડતું હોય તો ફરરર... ન ઊડે એવું હોય તો ભફ...!
- ઊડતું હોય ત્યારે ભફ... બોલે કે ઊડે તેવું ન હોય ત્યારે ફરરર... બોલે તે વિદ્યાર્થી આઉટ ગણાશે.
- આવા અન્ય નિયમો બનાવી રમત રમાડવી.

**ગમ્મત :**

બે કીડીઓ જતી હતી.
સામેથી એક હાથી આવતો દેખાયો.
એક કીડી કહે, 'ચાલ, પેલા હાથીને મારવો છે?'
બીજી કહે : 'જવા દે ને! બિચારો એકલો છે!'

ખ ડ ખ ડ